આ અહાદીસ મરહુમ ના સવાબ માટે લખવામાં આવે છે . એક સુરએ ફાતેહા

મરહુમ અઝીઝુલહસન ઇસ્માઇલ, & ઇસ્માઇલ સુલેમાન

મરહુમ હૈદર જીવા

મરહુમા અમીનાબેન જમાલ  ને બક્ષવા મહેરબાની ,

હ.રસુલે ખુદા સ.અ.વ. ફરમાવ્યું

1

ખરાબ માં ખરાબ માણસ એ છે કે જેના લીધે લોકોને તકલીફ પહોંચે, અને તેના થી વધારે ખરાબ એ છે કે જેના ડર થી લોકો તેની ઇઝ્ઝત કરે,

( બિહાર 72 પે. 281 )

2

ઇમાન નો સૌથી સારો દરજ્જો એ છે કે તે ખબર રાખે કે જ્યા પણ છે ખુદા તેના સાથે જ છે, (તફસીરે નમુના ઉર્દુ ભા.૨૩ પે.૨૨૮)

3

બીમારને જોવા જતો માણસ જન્નતના રસ્તા ઉપર ચાલતો હોય છે, જ્યાર સુધી ઘરે પાછો ન આવી જાય, (નહજુલ ફસાહત ૨/૪૮)

4

આલે મોહંમદ અ.સ. સાથે ૧ દીવસની મોહબ્બત ૧ વરસની ઇબાદત થી બહેતર છે, જે કોઇ આલે મોહંમદ અ.સ. ની મોહબ્બત સાથે દુનિયાથી જશે તે જન્નતમાં દાખલ થશે, ( કશ્ફુલ ગુમ્મા ભા.૧ પે. ૧૩૭)

5

જે કોઇ અલી અ.સ. ને દોસ્ત રાખશે , અને તેમની મોહબ્બત સાથે દુનિયાથી જશે તો ફરિશ્તા તેના થી મુસાફેહો કરે છે, અને નબીઓ તેની ઝીયારત કરે છે, (મશારેકુલ અનવાર પે.૬૧)

6

સારામા સારા નિકાહ તે છે જે આસાન અને સાદા હોય (ખર્ચાળુ ન હોય),

(હદીકએ શીઆ હદીસ નં. ૬૭૪)

7

દરેક માણસનો દોસ્ત તેની અક્કલ અને દુશ્મન તેની અભણતા ( મસનદે ઇમામે રઝા અ.સ. ભા.૧ પે.3 )

8

નબી સ.અ.વ.: મુસલમાન ને દરરોજ સદકો આપવો જોઇએ,

સહાબી : અય અલ્લાહના રસુલ દરરોજ સદકો આપવાની ક્યા તાકત છે,

નબી સ.અ.વ. : સદકો આપ્વો તેનો અર્થ ફકત માલ આપવો નથી,

રસ્તા ઉપર થી લોકોની તકલીફ ને દુર કરવું પણ સદકો છે,

અંજાન ને રસ્તો દેખાડ્વો પણ સદકો છે,

બીમારને જોવા જવું પણ સદકો છે,

નેકીનો હુકમ આપવો પણ સદકો છે,

બુરાઇ થી રોક્વું પણ સદકો છે,

સલામનો જવાબ આપવો પણ સદકો છે, (બિહારુલ અનવાર ભા.૭૨ પે.૫૦ )

9

નબી સ.અ.વ. જીબ્રઇલ થી ફરમાવ્યું કે જે મારા હુસૈન ની ઝીયારત કરશે તેનો શું સવાબ છે ? જીબ્રઇલે ફરમાવ્યું 1000 હજ અને 1000 ઉમરા જે તમારા સાથે રહીને અંજામ આપ્યા હોય, તે સમયે નબી સ.અ.વ. ના મુબારક ચહેરા ઉપર મુસ્કુરાહટ આવી, ( બીહારુલ અનવાર ભા. 98 પે.44 )

10

હ.રસુલે ખુદા સ.અ.વ. ઇમામ હસન અને હુસય્ન (અ.સ.) ના હાથો ને પકડીને ફરમાવ્યું કે ‘જે કોઇ આ બન્ને અને તેમના મા-બાપ થી દોસ્તી રાખશે, કયામતના દિવસે મારા દરજ્જામાં મારા સાથે હશે',

(મુંતખબ કામીલુઝ્ઝીયારાત , ઇબ્ને કવ્લીયેહ પે. 32)

11

નબી સ.અ.વ. : જાણી લો કે હુસય્ન (અ.) જન્નતના દરવાઝાઓમાંથી ઍએક દરવાઝો છે, જે કોઇ તેમનાથી દુશ્મની કરશે ખુદા તેના ઉપર જન્નતની ખુશ્બુને હરામ કરી દેશે, (સફીનતુલ બેહાર ભ.1 પે.257)

12

3 વસ્તુંથી ભુલવાની બીમારી દુર થાય છે, અને યાદ શક્તી વધે છે,

1. કુરઆને મજીદ ની તિલાવત કરવાથી,

2. દાંતણ કરવાથી,

3. રોઝા રાખવાથી,  (બિહાર ભા. 62 પે.266)

14

તમારી કિંમત જન્નત સિવાય બીજુ કાઇ નથી, પોતાને તેનાથી ઓછા પર વહેંચી ન નાખો, કેમ કે જે દુનિયા થી રાઝી થઇ જાય છે તે ઓછી કિંમત પર પોતાને વહેંચવા પર રાઝી થઇ ગયો છે, (બલાગતુલ હુસયન પે. 308 )

15

જેના પાસે આ પાંચ વસ્તું ન હોય તે ઝીંદગી થી સરખી રીતે ફાયદો નથી ઉઠાવી શકતો,

(1) અક્કલ

(2) દીન

(3) સંસકાર

(4) શરમ

(5) સારા અખલાક

( ફરહંગે જામેઅ સુખનાને ઇમામ હુસયન અ.સ. પે. 825 )

16

અગર કોઇ ખુદાની એવી ઇબાદત કરે જેવી ઇબાદત કરવનો હક છે તો ખુદા પણ તેની ઉમ્મીદોથી વધારે અતા કરશે અને જરુરતોને પુરી કરશે,

( ( ફરહંગે જામેઅ સુખનાને ઇમામ હુસયન અ.સ. પે. 837 )

17

દરેક વસ્તુંની દવા હોય છે, ગુનાહોની દવા ઇસ્તેગ્ફાર અને તોબા છે,

(કાફી ભા.2 પે. 439 )

18

અમારા શીઆ એ છે કે જેમના વિચાર પણ કોઇને દગો અને ખોટી ચાલાકી થી બચતા હોય છે,  (બીહારુલ અનવાર ભ.65 પે.156)

19

તે કૌમ કોઇ દિવસ કામીયાબ નથી થઇ શકતી જે મખલુક ની ખુશી ખાતર ખુદાને નારાજ કરે , (તારીખે તબરી ભ.1 પે.239)

20

બે માણસોમાં ઝઘડો  થયો હોય અને તેમાથી જે પહેલ કરશે બીજાને ખુશ કરવા અને માફી માંગે તે જન્નતમાં પણ પહેલા જશે,

(મહજ્જતુલ બયઝાઅ ભા.4 પે. 228)

21

ખૌફે ખુદામાં રડવું  જહન્નમની આગથી નજાતનું કારણ છે.
( હયાતે ઇમામ હુસયન અ.સ. ભા. 1 પે. 183 )

# ઇમામ મોહંમદ બાકિર અ.સ.:

ઇમામ બાકીર અ.સ. થી મોહમ્મદ બિન મુસ્લીમ પુછ્યું કે આદાબે ઝીયારત શું છે ? અમે તમારા જદ ની ઝીયારત માટે જઇએ છીએ ,

ઇમામ બાકીર અ.સ. ફરમાવ્યું , (1) જે તમારા સાથે છે તેના સાથે સારો વર્તાવ કરો,

(2) સારી વાતો સિવાય ઓછુ બોલો,

(3) વધારે ખુદાનો ઝીક્ર ( ખુદાને યાદ ) કરો,

(4) પાક, સાફ કપડા પહેરો,

(5) હરમ માં દાખલ થવા પહેલા ગુસ્લ અંજામ આપો,

(6) નમ્રતા અને નમાઝ વધારે પઢો,

(7) મોહંમ્મદ અને આલે મોહમ્મદ ઉપર વધારે સલવાત પઢો,

(8) જે કામ યોગ્ય ન હોય તેને ન કરે,

(9) ના મહેરમ અને હરામ થી આંખોંને બંધ રાખે,

(10) જ્યા દીનને બચાવાની જરુરત પડે ત્યાં તકય્યા કરે,

(11) મોમીન ભાઇ ની જરુરતને  પુરી કરવા માટે જાવ, અને જે તમારા થી દુર ભાગે તેને અપનાવો,

(12) જે વસ્તુંની શરીઅતે મનાઇ ફરમાવી છે તેના થી પોતાને બચાવો, ગુસ્સો, ખોટી કસમ, ઝઘડાથી પોતાને બચાવો, જો તમે આ કામ સરખી રીતે કર્યા તો તમારી હજ અને ઉમરા કહેવાશે,
(કામીલુઝ્ઝીયારાત પે. 130)

ઇંસાન ગુનાહ કરે છે તો તેની રોઝી તેનાથી દુર થઇ જાય છે, (કાફી ભા.2 પે. 271)

તેવા માણસને પસન્દ નથી કરતો કે જે પોતાના મોઢાને ખુદા તરફ ખુલ્લુ રાખીને કહે છે, ખુદા તું મને રોઝી આપ, જ્યારે કે પોતે રોઝી મેળવવાની કોશીશ નથી કરતો, ( વસાએલુશ્શીયાઅ ભા.17 પે. 28)

તે માણસ બહુજ ખરાબ છે જેના બે મોઢા અને બે ઝબાન હોય, તેની નિશાની એ છે કે મોમીન ભાઇ ની સામે તો વખાણ કરે અને પાછળ થી તેની ગીબત કરે, ( કાફી ભા. 2 પે. 343 )

ઇમામ હુસૈન અ.સ.ની મઝલુમીયત ઉપર ઇનસાન, જીન્નાત, જાનવર, પક્ષિઓ વગેરે આંસુ વહાવીને રોયા છે, ( કામીલુઝીયારાત પ્રકરણ 26 )

3 વસ્તું માણસને હલાક કરે છે,
(1) નેકીયોને વધારે સમજવું,
(2) કરેલા ગુનાહોને ભુલી જવું ,

(3) પોતાની સલાહને સવથી સારી સમજવી,
(તોહફુલ ઓકુલ પે. 287 )

કોઇ ઇમામ થી સવાલ પુછ્યો કે શું ઇમામ મહેંદી અજ. ના ઝહુર માટે કોઇ સમય નક્કી છે ? ઇમામ અ.સ. 3 વખત ફરમાવ્યું કે જે સમયને નક્કી કરે તે જુઠો છે, જે

સમયને નક્કી કરે તે જુહ્લે છે, જે સમયને નક્કી કરે તે જુહ્લે છે,
(ગયબતે તુસી પે. 426)

ઇલ્મ રુહ માટે સ્થંભ છે, ( ઇલ્મો હિકમત ભા.1 પે. 76)

હયા અને ઇમાન એક બીજાના સાથે જોડાએલ છે, જો એક ખત્મ થઇ જશે તો બીજુ પણ ચાલ્યું જશે, ( બીહારુલ અનવાર ભા. 78 પ્રકરણ 22 રિવાયત 5 )

શયતાન 4 જગ્યા ફરિયાદ કરી અને ચીંખ મારી,

(1)જ્યારે ખુદા તરફથી લાનત મળી,

(2)જ્યારે ઝમીન ઉપર મોકલવામાં આવ્યો,

(3)જ્યારે નબી સ.અ.વ. મબઉસ થયા,

(4)ઇદે ગદીરના દીવસે, ( કુર્બુલ અસનાદ 10 )

ખુદા ના નજીક પસન્દીદા અમલ તે છે જે હંમેશા થતો રહે , ભલે પછી નાનો અમલ જ કેમ ન હોય, ( ઉસુલે કાફી ભા. 3 પે.129 )

જે માણસ 4 નેક કામો અંજામ આપશે, ખુદા તેના માટે જન્નતમાં મકાન તૈયાર કરશે,

(1) યતિમને સહારો દેવો,

(2) કમઝોરો સાથે મહેરબાની કરવી,

(3) મા-બાપ સાથે નેકી કરવી,

(4) પોતાનાથી નાના લોકો સાથે નરમી કરવી, ( સવાબુલ આમાલ પે. 298)

**અગર કોઇ લાપરવાહીના કારણે નમાઝે જમાઅત મા ન જાય, જ્યારે કે તે ન બીમાર હોય , કે ન તો કોઇ તકલીફ હોય, અને કોઇ મજબુરી પણ ન હોય તો તેની નમાઝ કબુલ નથી, ( મુસ્તદ્રકુલ વસાએલ ભા. 6 પે. 450 )**

## ઇમામ સાદીક અ.સ. :

દરિયા નો કોઇ પાડોશી નથી હોતો, રાજાનો કોઈ દોસ્ત નથી હોતો, તંદુરસ્તીની કોઇ કિંમત નથી, કેટલી એવી નેઅમતો છે જેને ઇંસાન નથી જાણતો, (બીહારુલ અનવાર ભા. 100 પે. 99)

જે કોઇ હાથ મા ફીરોઝાની વીંટી પહેરશે તે ફકીર અને ગરીબ થશે નહી , ( વસાએલુશ્શિઆ ભા.5 પે. 94 )

અક્કલ તેને કહેવાય કે જેનાથી ખુદાની ઇબાદત કરવામાં આવે અને જન્નત હસીલ કરવામાં આવે, ( ઉસુલે કાફી ભા.1 બાબ અકલો જહેલ )

સારા અખલાક રોઝીમાં વધારો કરે છે, (મિશ્કાતીલ અનવાર ફી ગરરીલ અહકામ બાબ 5)

**જે ઘર માં ગાયન ગાવામાં આવતા હોય તે ઘર અચાનક મૌત થી અને મુસીબતોથી બચતું નથી, અને ન દુવા કબુલ થાય છે, કે ન તો તે ઘરમા (રહેમતના) ફરિશ્તા દાખલ થાય છે, ( વસાએલુશ્શિઆ ભા.12 પે. 225 )**

જે માણસ તેના પાડોશીને તકલીફ આપે તે લાઅનતી લાઅનતી છે, (બીહારુલ અનવાર ભા. 71 પે. 152)

અગર કોઇ ચાહે કે તેની જગ્યા જન્નતમાં હોય તો તેને ઝીયારતે ઇમામ હુસૈન અ.સ. તરક ન કરવી જોઇએ, (મુસ્તદ્રકુલ વસાએલ ભા.10 પે. 253 )

જે માણસ પાણી પીવે અને ઇમામ હુસૈન અ.સ. ને યાદ કરે, અને તેમના કાતીલ ઉપર લાઅનત મોકલે તો ખુદા તેના બદલામાં 100000 નેકીઓ લખે છે, 100000 બુરાઇઓ (ગુનાહો) ખતમ કરે છે, 100000 દરજ્જા બુલંદ કરે છે, અને કયામતમાં તેને નુરાની ચહેરા સાથે ઉભો કરશે,

(અલ મનાકીબ ભા.2 પે. 207)

અગર કોઇ જાણવા ચાહે કે તેની નમાઝ કબુલ થઇ છે કે નહિ, તો તે પોતાના અંદર નઝર કરે કે નમાઝ તેને બુરાઇઓ થી દુર કરેલ છે કે નહિ, જેટલો બુરાઇથી દુર રહ્યો તેટલી નમાઝ કબુલ થઇ છે, ( અલમીઝાન ભા.16 પે. 138)

જન્નત માં એક એવો દરજ્જો છે જે શરીરની બલા અને મુસીબતો વગર નથી મળી શકતો, (કાફી ભા. 2 પે. 255 )

જે કોઇ કુરાને મજીદની તિલાવત કરે અને તે જવાન ઇમાનદાર હોય તો તેના ગોશ્ત અને ખુનમાં કુરઆન ભળી જાય છે, અને તેના પુરા શરીર ઉપર કુરઆનનો અસર થાય છે, (તેનો અમલ કુરાન મુતાબીક થઇ જાય છે, ( વસાએલુશ્શીઆ ભા.2 પે.140 )

ઝીયારતે ઇમામ હુસૈન અ.સ. માં વીતાવેલા દિવસો ઝીયારત કરનારની ઉંમરમાં ગણાતા નથી, (કામીલુઝ્ઝીયારાત બાબ 51)

તમારા મા-બાપ સાથે નેકી કરો જેથી તમારી અવલાદ તમારી સાથે નેકી કરે, બીજાની સ્ત્રીઓ થી બચો જેથી તમારી સ્ત્રી થી બીજા બચતા રહે, (કફી ભા.5 પે. 554)

કોઇ મોમીન ની હાજત ને પુરી કરવી ખુદાનું ઘર ખાનએ કાબાના 10 તવાફ કરવા બરાબર છે, ( કાફી ભા.2 પે. 194 )

3 વસ્તું દરેક જમાના માટે સારી છે,

(1) ખુદાની ખુશી માટે કોઇ ને ભાઇ બનાવવો ,

(2) નેક પત્નિ જે ખુદા માટે મોહબ્બત કરે,

(3) નેક ઓલાદ,

જેને આ 3 વસ્તું નસીબ થઇ તેને દુનિયા અને આખેરતની ખુબીઓ નસીબ થઇ, ( રેહનુમાએ ઇમામ સાદીક અ.સ. )

નેકી અને સારા અખલાક ઘરને આબાદ કરે છે અને ઉંમરમાં વધારો કરે છે, ( કાફી ભા.2 બાબ હુસ્ને ખુલ્ક )

મુસલમાનનું મુસલમાન ભાઇ ની હાજત ને પુરી કરવા માટે જાવું 70 ખાનએ કબાના તવાફ થી બહેતર છે, ( વસાએલુશ્શિઆ ભા.2 પે. 524 )

તમામ લોકોથી હિફાજત માટે ‘ બિસ્મીલ્લાહીર રહમાની રહીમ ’ અને સુરએ ‘ કુલ્હુવલ્લાહુ અહદ’ જમણી તરફ , ડાબી તરફ , આગળ પાછળ, અને ઉપર નીચે પડે, (કાફી ભા. 2 પે. 624 )

મોમીનના મરવા પછી 6 વસ્તું કામ આવે છે,

(1) નેક ઓલાદ જે ઇસ્તેગ્ફાર કરે,
(2) હિદાયતની કિતાબ જેને લોકો વાચે,
(3) લોકોના માટે પાણીનો કુંવો બનાવવો,
(4) જાડ ને ઉગાવવું જેના થી લોકો ફાયદો મેળવે,
(5) પાણી ની લોકો માટે સગવડ કરવી,
(6) સારા રિવાજ લોકોમાં જારી કરવા જેને લોકો અંજામ આપતા રહે, (ખેસાલ પે. 323)

ઇંસાફ મદ થી વધારે મીઠો હોય છે, માખણથી વધારે નરમ, કસ્તુરીની ખુશ્બુ થી વધારે ખુશ્બુદાર હોય છે, ( વઝાએફે અખલાકી અઝ ઉસુલે કાફી નં. 388 )

તમે દુવા ઝરુરથી માંગો કેમ કે દુવા દરેક બિમારી માટે શફા છે, (મકારેમુલ અખલાક 2/12 )

જે કોઇ જમવા પહેલા નમકથી શરુવાત કરે તો તેનાથી 70 બીમારીઓ દુર થાય છે જેને ખુદા સિવાય બીજુ કોઇ નથી જાણતું, (સફીનતુલ બીહાર 4/392)

જે માણસ 3 દિવસમાં એક વખત સુરએ હજ ની તિલાવત કરશે તો તેને તે વરસે ઉમ્મીદ છે કે ખુદા હજ નસીબ કરે, અને જો મોત આવી જાય તો જન્નતીઓમાંથી હશે, (હદીસે હજ્જ આગા કરાઅતી)

આળસ કામ કાજ નો સવ થી મોટો દુશ્મન છે, (કાફી ભા.5 પે.85)

જ્યારે કોઇ મહેમાનના ઘરે આવવાથી ખુશ થાય તો અલ્લાહ તે મોમીનના બધા ગુનાહો માફ કરી આપે છે ભલે પછી તેના ગુનાહ ઝમીંન થી આસમાન જેટલા જ કેમ ન હોય , (મુસ્તદરકુલ વસાએલ ભા.16 પે.257)

જે કોઇ પોતાના મોમીન ભાઈ માટે દુવા કરે તો અલ્લાહ તે દુવા કરનારની રોઝીમાં વધારો કરે છે, (અમાલી શેખ સદુક અ.ર. પે. 427 ઉર્દુ)

કોઇ માણસ મોમીનને ગરીબ હોવાના લીધે મામુલી સમજે, તો ખુદા તે માણસને મામુલી

બનાવી દેશે, ત્યાર સુધી એ હાલતમાં રહેશે કે જ્યાર સુધી તવબહ ના કરી લે, (મીશ્કાતુલ અનવાર ફી ગરરીલ અખબાર)

દારુડિયા સાથે ન બેસો કેમ કે જ્યારે ખુદા તરફથી અઝાબ આવે છે તો દારુની મહેફીલ માં હાજર તમામ લોકો ઉપર આવે છે, (વસાએલુશ્શિયા બાબ નં. 33)

ખુદાએ ફરમાવ્યું કે જે કોઇ મારા મોમીન બંદા ને તકલીફ આપે તો તે મારા વિરુધ જંગ નું એલાન કર્યું છે, (તફસીરે નમુના ઉર્દુ ભાગ 9 પે. 727 )

શબે જુમ્મા ( ગુરુવારના રાત્રે ) મોહંમદ અને આલે મોહંમદ અ.સ. ઉપર સલવાત પડવી 1000 નેકીયો બરાબર છે, ખુદા 1000 બુરાઇઓ (ગુનાહો) ખતમ કરે, 1000 દરજ્જા બુલંદ કરે છે, (મફાતિહુલ જીનાન તરજુમો આગા જવાદી પે. 54

જે માણસ મારેફત સાથે ઇમામ હુસેન અ.સ. ની કબ્ર ની ઝીયારત કરે, જાણે એમ છે કે તે હ.રસુલે ખુદા સ.અ.વ. સાથે 100 હજ અદા કર્યા હોય, (કામીલુજ્જીયારાત પે. 163 )

મારો સારામા સારો ભાઇ તે છે કે જે મારી ભુલોને બતાવે , (તોહફુલ ઓકુલ પે .385 )

જે બીજા ઉપર જુલ્મ કરે છે તો ( એક દિવસ )તેના ઉપર પણ જુલ્મ કરવામાં આવશે, તે પોતે જુલ્મમા ફસાસે યા તેના માલ કે ઓલાદ ઉપર જુલ્મ કરવામાં આવશે, ( ઉસુલે કાફી ભા. 4 પે. 26)

ખુદા કોઇ માણસનિ રોજી અને આવક બંધ નતી કરતો જ્યાર સુધી તેનાથી વધારે સારો રસ્તો ખોલવાનો ના હોય , ( વસાએલુશ્શિઆ ભા.12 પે. 33 )

જ્યારે ઝીના વધી જશે તો ધરતીકંપ અને અચાનક મોત મા વધારો થશે,
જ્યારે લોકો ઝકાત અને ખુમ્સ નહિ આપે તો જાનવરો નાબુદ થશે,
જ્યારે હાકીમો અને ઇંસાફ કરનારા ઝુલ્મ અને ના ઇંસાફી કરશે તો ખુદા વરસાદ ને બંધ કરી દેશે , ( વસાએલુશ્શિઆ ભા.8 પે. 13 )

મોમીન ની બુલંદી 3 વસ્તુંમાં છે

(1) દીનના મસાએલને સીખવા,
(2) મુસીબતો ઉપર સબ્ર કરવું ,
(3) જીંદગીને હિસાબ કિતાબ અને પ્રોગ્રામ સાથે જીવવી, ( અમાલી તુસી ભા. 2 પે. 279)

જે માણસની ઇમામે જમાના અજ. નો ઇંતેજાર કરતા કરતા મોત આવી જાય, તે એવા માણસની જેમ છે જે ઇમામ અ.સ. ના સાથે તેમના ખય્મા માં હોય, બલકે તેના જેમ છે જે રસુલે ખુદા સ.અ.વ. ની સાથે રહીને દુશ્મનો સામે જેહાદ કરી રહ્યો હોય, (મીજાનુલ હીકમત ગુજરાતી ભા. 1 પે. 187 )

ખુદા ફરમાવે છે કે લોકો મારુ કુટુંબ છે મને સવ થી વધારે તે પસંદ છે જે લોકોથી વધારે મોહબ્બત કરે, અને તેમની જરુરતોને પુરી કતો હોય , (કાફી ભા. 2 પે. 199 )

શબે કદર માહે રમજાનનું  દીલ છે, ( બીહારુલ અનવાર ભા. 58 પે. 376 )
જેના પાસે શરમ નથી તેના પાસે ઇમાન નથી, ( વસાએલુશ્શિઆ ભા.2 પે. 223 )

ઇમામ સાદીક અ.સ. : જેના સાથે ખુદા ભલાઇ ચાહે છે તેના દીલમાં ઇમામ હુસેન અ.સ.ની મોહબ્બત અતા કરે છે, અને તેમની ઝીયારત નસીબ કરે છે, અને જેને ખુદા ના પસંદ કરે છે તેના દીલમા ઇમામ હુસેન અ.સ. ની દુશ્મની હોય છે, અને તેમની ઝીયારતની દુશ્મની હોય છે, ( બીહારુલ અનવાર ભા. 98 પે. 76 )